# કલછાવાડ પાસે ફાઈનાન્સ કર્મચારીઓને ધોકાથી ફટકારી રૂા. ૧.૫૦ લાખની લૂંટ

## ૫ બુકાનીધારી લૂંટારુઓએ હુમલો કરી લૂંટ ચલાવી : પૈસાની ઉઘરાણી કરી બાઈક પર પરત ફરતાં લૂંટને અંજામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

પોશીના તાલુકાના કલછાવાડ ગામની સીમમાં ગરનાળા પાસે ૫ બુકાનીધારી લૂંટારુઓએ બાઈક પર જતા ખાનગી ફાઈનાન્સ કંપનીના બે ઈસમોને ધોકાથી ફટકારી છે ૧,૩૮,૮૯૫ની રોકડ રકમ, મોબાઈલ ફોન અને ટેબલેટ સહિત ૧,૫૦,૮૫ની લૂંટ ચલાવતાં સનસનાટી મચી છે. બનાવ અંગે પોશીના પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. ઘટનાનો ભેદ ઉકેલવા માટે પોલીસે ડગ સ્કવોર્ડની પણ મદદ લીધાનું જાણવા મળ્યું છે.

પોશીના પંથકમાં ગુનાખોરી વકરી છે. હોળીનો તહેવાર નજીક હોવાથી હવે હિંસક હુમલા તેમજ લૂંટના બનાવીએ પ્રજામાં ભયનો માહોલ ઉભો ર્યો છે. તા.૧૭ના રોજ બપોરના સમયે ખાનગી ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતા અને ખેડબ્રહ્માના વાઘેશ્વરી વિસ્તારમાં રહેતા લલીતકુમાર વશરામભાઈ બુંબડીયા અને શંભુલાલ હીરાલાલ ખરાડી(રહે.અંબાસા, તા.જાડોલ, રાજરથાન) બાઈક લઈને પોશીના તાલુકાના કલછાવાડ વિસ્તારમાં ફાઈનાન્સ કંપની તરફથી ચાલતા સખીમંડળીની યોજનાના લોનના હપ્તા ઉઘરાવા માટે ગયા હતા જ્યાં હપ્તાની ઉઘરાણી કરી છે ૧,૩૮,૮૯૫ની રોકડ સાથે બંને ઈસમો બાઈક લઈ કલછાવાડ નજીક વાંધામાંથી પસાર થતા હતા તે સમયે મોડે બુકાની બાંધી ધસી આવેલા ૫ લૂંટારુઓએ બંને ફાઈનાન્સ કર્મીઓને ધોકા વડે ટકાવી રોકડ રકમ, મોબાઈલ ફોન તેમજ ટેબલેટ લૂંટી ફરાર થઈ ગયા હતા. બંને ઈસમો કંઈપણ વિચારે તે અગાઉ જ રોડ ઉપર ઓચિંતા આવી ગયેલા લૂંટારુઓએ ધોકા વડે હુમલો કરતાં ડઘાઈ ગયા હતા. લૂંટના બનાવને અંજામ આપવામાં આવ્યો છે તે સ્થળ નિર્જન અને જંગલ વિસ્તાર હોવાના કારણે લૂંટારુઓએ જે રીતે સ્થળની પસંદગી કરી છે તે જોતાં સ્થાનિક ઈસમો લૂંટમાં સંડોવાયા હોવાની આશંકા છે.



### તપાસ ચાલુ છે - પી.એસ.આઈ.

પોશીનાના કલછાવાડ પાસે વાંધામાં ખાનગી ફાઈનાન્સ કંપનીના બે કર્મચારીઓને લૂંટી લેવાનો બનાવ બહાર આવતાં પંથકમાં ભયનો માહોલ ઉભો થયો છે. પોશીના પી.એસ.આઈ., આર.જે.ચૌહાણે જણાવ્યું કે જંગલ વિસ્તારમાં નિર્જન સ્થળે લૂંટના બનાવને અંજામ આપવામાં આવ્યો છે. ડગ સ્ક્વોર્ડની મદદથી પોલીસની તપાસ ચાલુ છે.

# રેલ્લાવાડા ખાતે સબયાર્ડનું લોકાર્પણ કરાયું

## સંસદ દીપસિંહ, સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ,સા.કા બેંક એમ.ડી. પંકજભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા



મેઘરજ તા. ૧૯

મેઘરજ તાલુકા રેલ્લાવાડા ખાતે સબ યાર્ડનું લોકાર્પણ શનિવારના રોજ કરવામાં આવ્યું હતું.જેમાં અરવલ્લી સાબરકાંઠા સંસદ દીપસિંહ રાઠોડ,જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના એમ.ડી. પંકજભાઈ પટેલ, જિલ્લા સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ લોકાર્પણમાં મોટી સંખ્યામાં વિસ્તારના આગેવાનો અને લોકો હાજર રહ્યા હતા.રેલ્લાવાડા સેન્ટર વેપાર માટેનું મોટુ સેન્ટર હોય આવનાર સમય વિસ્તાર ખેડૂતો તેમજ વેપારીને નવીન માર્કેટયાર્ડ ફાયદારૂપ નીવડશે. આ પ્રસંગે મેઘરજ માર્કેટયાર્ડના ચેરમેન હીરાજી ડામોર તેમજ માર્કેટયાર્ડના ડિરેક્ટરો તેમજ વિસ્તારના બી.ડી.રાઠોડ સહીત આગેવાનો હાજર રહ્યા હતા.

### જિલ્લાના ઈતિહાસમાં કંદોઈને સૌથી મોટો દંડ

# મોડાસાની જોધપુર સ્વીટ માર્ટની કાજુ અંજીર કસાટા મીઠાઈમાં ભેળસેળ પકડાઈ : ૫ લાખનો દંડ

## ૧૫ મહિના પછી નમૂનાનો રિપોર્ટ, હજારો લોકોએ મીઠાઈ ખાધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

મોડાસાની મે. જોધપુર સ્વીટ માર્ટ મીઠાઈની દુકાનમાંથી લેવાયેલી કાજુ અંજીર કસાટા મીઠાઈનમૂનાના લેબોરેટરી પરીક્ષણમાં ભેળસેળ જણાઈ આવતાં માલિક ગમનારામ ગેવરરામ રાયકાને એજ્યુકેટીંગ ઓફીસરે તક્સીરવાન ઠેરવી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ના ધારાની કલમ-૫૧ હેઠળ ૫ લાખનો દંડ ફટકારતાં સનસનાટી મચી ગઈ છે. જિલ્લાના ઈતિહાસમાં ભેળસેળ બદલ કોઈપણ કંદોઈને ફટકારવામાં આવેલી સૌથી મોટો દંડ છે. જ્યારે ભેળસેળ પકડાયાના ૧૫ મહિના પછી આરોપીને દંડ થયો છે પરંતુ અત્યાર સુધીમાં લાખો લોકો ભેળસેળીયા મીઠાઈ આરોગી જતાં તેમના આરોગ્યને થયેલા નુક્સાન માટે કોણ જવાબદાર ??

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ભેળસેળીયા વેપારીઓએ હદ વટાવી દીધી છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રમાં ચાલતા અનહદ ભ્રષ્ટાચારથી જિલ્લાની પ્રજા મીઠાઈના રુપમાં ધીમું ઝેર બારીગતી હોય તેવી સ્થિતિ પેદા થઈ રહી છે. વર્ષ-૨૦૨૦માં દિવાળી પર્વ સમય દરમ્યાન ખોરાક અને ઔષધ નિયમન વિભાગ-હિંમતનગર દ્વારા મોડાસાની મે.જોધપુર સ્વીટ માર્ટમાંથી તા.૫-૧૧-૨૦૨૦ના રોજ કાજુ અંજીર ક્યાટા મીઠાઈનો લૂઝ નમૂનો લેવામાં આવ્યો હતો અને તેને ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અને તે અન્વયે નિયમાનુસાર ફૂડ એનાલીસ માટે વડોદરા લેબમાં મોક્લવામાં આવ્યો હતો અને તે નમૂનો સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં મીઠાઈમાં ભેળસેળ હોવાનું જણાઈ આવ્યું હતું. નમૂનામાં ભેળસેળ જણાઈ આવતાં સદર કેક્સ એડયુકેટીંગ ઓફીસર અને રેસીડેન્સીયલ એડીશનલ કલેક્ટર એન.ડી.પરમાર સમક્ષ ચાલી જતાં બંને પક્ષકારોને સાંભળી જોધપુર સ્વીટ માર્ટના માલિક ગમનારામ રાયકાને મીઠાઈમાં ભેળસેળ બદલ તક્સીરવાન ઠેરવી ૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

### સબસ્ટાન્ડર્ડનમુનો જાહેર થતાં કેસ દાખલ...

ડેઝીગ્નેટેડ ઓફીસર ગણાવાએ જણાવ્યું કે મોડાસાની મે.જોધપુર સ્વીટ માર્ટનો મીઠાઈનો લૂઝ નમૂનો લેબોરેટરી પરીક્ષામાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયો જેથી દુકાનના માલિક ગમનારામ રાયકા સામે માનવ જાતના ઉપયોગ માટે સબસ્ટાન્ડર્ડ મીઠાઈનું વેચાણ કરવાનું તેમજ સદર સબસ્ટાન્ડર્ડ ખાદ્યચીજનું વેચાણ તથા સંગ્રહ કરી કાયદાની ક્લમ-૨૬(૧), ક્લમ-૨૬(૨)(II) તથા ક્લમ-૨૭(૧)ના કાયદાની ક્લમ-૫૧ મુજબ દંડને પાત્ર ગુનો હોવાનો કેસ દાખલ થયો હતો અને તેનો ચૂકાદી જાહેર થયો છે.

### ભેળસેળીયો વેપારી કલર વધુ ઉમેરવા જતાં ભરાયો..

મોડાસાની જોધપુર સ્વીટ માર્ટના વેપારી ગમનારામ રાયકા મીઠાઈમાં ભેળસેળ બદલ સૂરવાર ઠરતાં ૫ લાખનો દંડ કરવામાં આવ્યો છે. મીઠાઈ, ફરસાણ, નમકીન બનાવતી પેઢીમાંથી લીધેલો કાજુ અંજીર ક્યાટામીઠાઈનો લૂઝનમૂનામાં કાયદા મુજબ મીઠાઈમાં ૧૦૦ પીપીએમ થી વધારે કલર ઉમેરવા પર પ્રતિબંધ છે પરંતુ ભેળસેળીયા વેપારીએ વધુ ક્લર ઉમેરતાં ભરાઈ પડ્યો હતો.

### આંગણે આવ્યાં મામેરાં મોંઘા મૂલનાં...

# અડપોદરામાં ભવાઈ કલાકારની દિકરીના લગનમાં પાટીદાર પરિવારે મામેરુ ભરી સાસરે વળાવી

## સામાજીક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૧૯

જાતિવાદની રાજનીતીમાં સામાજીક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે જોવા મળ્યું. ગામમાં નાયકને ધર્મના બહેન બનાવી સબંધી ચરસ્થાયી બનાવ્યા જેમાં તાજેતરમાં આ પરિવારની પુત્રી આરતીનાં લગ્ન ગોઠવાયાં જેમાં પટેલ પરિવારે પણ એક મોસાળ પક્ષ ધર્મની માનેલી બહેનની આંખમાં હર્ષનાં આંસુ છલકાઈ ગયાં હતાં જેમાં ઉપસ્થિત આમંત્રિતોએ પણ પટેલ પરિવાર દ્વારા મામેરુ ભરવાની રસમને જોઈ પારાવારીક સબંધોની



ભવાઈ ક્લાકારની પુત્રીના લગ્ન પ્રસંગમાં પાટીદાર પરિવારે દોઢ લાખથી વધુ કમનું મામેરુ ભરી ધરમની બહેન પ્રત્યે ઉત્તમ દાયીત્વ નિભાવી અનોખી મીશાલ કાયમી કરી છે. વાજતે ગાજતે મામેરાની રસમ પૂરી કરવા પાટીદાર પરિવાર લગ્નના માંડવે ખાવ્યો ત્યારે આંગણે આવ્યાં માંમેરા મઘેરા મૂલના ગીત સાથે નાયક પરિવારે હરખથી વધાવ્યાં હતાં, ક્યારેક લોહીના સબંધો કરતાં પણ અન્ય સમાજ સાથેના પારીવારીક સબંધો કાયમી સંભારણારુપ બની જતા હોય છે. સમાજમાં અન્ય સમાજ પ્રત્યેના સારા કામો હંમેશાં ઉદાહરણરુપ બની જતા હોય છે. હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે ભવાઈનો વ્યવસાય કરતા રાજેશભાઈ રતિભાઈ નાયક અને તેમના પરિવારજનોને ગામના અશોક કેશુભાઈ પટેલ અને જગદીશ કેશુભાઈ પટેલના પરિવાર સાથે વર્ષોથી એક પારીવારીક નાતો બંધાયો જેમાં પાટીદાર પરિવારે આ પરિવારના ભીખીબેન રાજેશભાઈ તરીકે પોતાનું ઉત્તરદાયીત્વ નિભાવવા માટે મામેરુ લઈ લગ્ન મંડપમાં આવી પહોંચ્યો. રુ ૧,૫૧,૦૦૦ની રકમનું મામેરુ વાજતે ગાજતે અશોકભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, શર્મિષ્ઠાબેન પટેલ, મિનલબેન પટેલ અને તેમના પરિવારજનો સાથે લગ્ન સ્થળે આવી પહોંચતાં ભવાઈ ક્લાકાર અને સરાહના કરી હતી. આજના સ્વાર્થી જગતમાં સમય આવે લોહીના સબંધો પણ માં ફેરવી લેતા હોય છે ત્યારે ગામમાં જ નાયક પરિવાર સાથે જાળવેલા સબંધોને વધુ ઉંચાઈ આપવા માટે પાટીદાર પરિવાર માંમેરામાં જોઈતી દરેક ચીજવસ્તુઓ આપી ગૌરવ અનુભવતાં આ ઉત્તમ કાર્યની સમગ્ર પંથકમાં પ્રસંશા થઈ રહી.

## બાયડ માર્કેટયાર્ડના નિવૃત્ત સેક્રેટરી નટવરભાઈ પટેલનું દુઃખદ નિધન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯



બાયડ તાલુકાના દખણેશ્વર ગામના અને બાયડ માર્કેટયાર્ડના નિવૃત્ત સેક્રેટરી નટવરભાઈ ગોબરભાઈ પટેલનું ૭૩ વર્ષની જૈફવયે ટુંકી માંદગી બાદ દુઃખદ નિધન થતાં આંજણા પાટીદાર સમાજ, સહકારી આગેવાનો અને દખણેશ્વર ગામમાં શોક છવાયો હતો. નિવૃત્તિમય જીવન દરમ્યાન કૃષ્ણ ભજન મંડળ સાથે સતત સત્સંગ જાળવતા રહ્યા હતા. નટવરભાઈ પટેલના દુઃખદ નિધન બદલ વેપારીઓ, સહકારી આગેવાનોએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. આજે રવિવારે દખણેશ્વર ગામે સવારે ૯:૦૦ કલાકે બેસણું રાખેલ છે. કૃષ્ણ ભજન મંડળ બાયડના સદસ્યના નિધનથી સભ્યોમાં પણ શોક છવાયો હતો.

# રાજેન્દ્રનગર ગામે રામદેવપીર મંદિરે તૃતીય પાટોત્સવ રંગેચંગે ઉજવાયો

બાયડ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર ગામે આસ્થાના પ્રતીક સમા બાર બીજના ધણી કહેવાતા બાબા રામદેવપીરના ભવ્ય મંદિરે તૃતીય પાટોત્સવની ભારે ઉલ્લાસભેર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશાળ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેના મુખ્ય યજમાનપદે ઉમિયાનગરકંપાના હિતેષભાઈ સી. પટેલ અને અલ્પેશભાઈ સી. પટેલ તથા યજ્ઞકુંડના યજમાનપદે શંકરભાઈ બી. પટેલ, શંકરભાઈ આર. પટેલ, રાજુભાઈ એસ. પટેલ, કૌશિકભાઈ કે. પટેલ,





રાજેન્દ્રનગર અને જેઠાભાઈ આર. પટેલ, ગઢડાકંપા પદ શોભાવ્યું હતું. સવારે ગામના બચુગીરી ખેમગીરી ગોસ્વામીના ઘરેથી રામદેવપીરના વાહન એવા બે ઘોડાઓ સાથે ટેક્ટર દ્વારા ભવ્ય શોભાયાત્રા નીકળી હતી અને વાજતેગાજતે મંદિર પરિસરમાં સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ભવિક ભક્તોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને મહાપ્રસાદનો લાભ લીધો હતો પાટોત્સવનુ સુંદર આયોજન હરિબાબા રામદેવ સેવા મંડળ, રાજેન્દ્રનગર તથા ગ્રામજનોના સહકારથી કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવ અંતગર્ત ગામના વણઝારા સમાજનું વિશેષ યોગદાન રહ્યું હતું.

# સામાજીક સદ્ભાવનામાં ઓટ આવી કે પછી કાયદાનો દુરૂપયોગ?

## સાબરકાંઠામાં પાછલા ૪ વર્ષમાં એટ્રોસીટીના ૧૩૬ કેસ નોંધાયા

બાયડ, તા. ૧૯

દલિત અને આદિવાસી પરિવારને કનડગત અને જાતિ પ્રત્યે અપમાનિત વારંવાર કરાતાં પરિવારો મંદિરમાં પ્રવેશ કરે કે વરઘોડો કાઢે તો તેમના પર હૂમલા સહિતની ઘટનાઓ પોલીસ દફતરે નોંધાતી હોય છે.

### જિલ્લામાં એટ્રોસીટી કેસ...

| વર્ષ | કુલ કેસ | એસ.સી. | એસ.ટી. |
| --- | --- | --- | --- |
| વર્ષ-૨૦૧૮ | ૩૨ | ૨૨ | ૧૦ |
| વર્ષ-૨૦૧૯ | ૪૧ | ૨૮ | ૧૩ |
| વર્ષ-૨૦૨૦ | ૨૫ | ૨૦ | ૦૫ |
| વર્ષ-૨૦૨૧ | ૩૮ | ૨૫ | ૧૩ |

સરકાર દ્વારા એટ્રોસીટી એક્ટનો અમલને બંધારણીય મંજરી આપવામાં આવી હતી, જિલ્લામાં આજે પણ દલિત સાબરકાંઠા જિલ્લામાં પાછલા ૪ વર્ષમાં એટ્રોસીટીના ૧૩૬ કેસ નોંધાયા છે. જાણે કે સામાજીક સદ્ભાવનામાં ઓટ આવી કે પછી કાયદાનો દુરૂપયોગ થયો?? તે સમજવું મુશ્કેલ છે.

એટ્રીસીટી કાયદા અંતર્ગત સમાવાયેલા લોકોને જાહેરમાં અપમાનિત કરવા, સામાજીક બહિષ્કાર કરવો, ધંધાકીય વ્યવસાય કરવાનો ઈન્કાર કરવો અથવા નોકરી કામ ન આપવું. મારામારી કરવી, જમીન પચાવી લેવી, લગ્નના વરઘોડા રોક્વા સહિતની હેરાનગતિના કિસ્સામાં ફરિયાદ વડે પોલીસ એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓ સામે કાયદાકીય પગલાં ભરતી હોય છે. ભૂતકાળમાં તલોદ, પ્રાંતિજ, ઈડર, જાદર પોલીસ સ્ટેશનની હદમાં એટ્રોસીટી એક્ટ હેઠળ અનેક ફરિયાદો નોંધાઈ છે. કેટલાક કિસ્સાઓમાં પોલીસ એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં વિલંબ કરે તો પોલીસ ઉપર પસ્તાળ પડતી અને આવા ગંભીર કેસમાં ક્યારેક પછીથી સમાધાન પણ થયેલા છે અને તેના પાછળ જે તે ગામોમાં ભાઈચારો અને સંપ જળવાઈ રહે તેવું દિર્ઘદ્રષ્ટીથી વિચારવામાં પણ આવેલું છે. પોલીસ દ્વારા કેટલાક કિસ્સાઓમાં કનડગત થઈ હોય તો તેને અન્યાય ન થાય અને એટ્રોસીટી કાયદાનો કોઈ ખોટો ગેરલાભ ન ઉઠાવે તેની પૂરતી ચીવટ રાખતી હોય છે. સાબરકાંઠા પોલીસના જણાવ્યા અનુસાર વર્ષ-૨૦૧૮ થી ૨૦૨૧ સુધીમાં જિલ્લામાં એટ્રોસીટીના કુલ-૧૩૬ કેસ નોંધાયા છે.

### દલિત ઉપર સૌથી વધુ અત્યાચાર...

સાબરકાંઠા જિલ્લામાં પાછલા વર્ષમાં એટ્રોસીટીના કુલ-૧૩૬ કેસ નોંધાયા છે તે પૈકી દલિતો ઉપર સૌથી વધુ ૯૫ અત્યાચારના બનાવ નોંધાયા છે.